વાણી વિલાસનું ઘમ્મરવલોણું

'ઐસી બાની બોલિયે, મન કા આપા ખોય,
ઔરન કો સીતલ કરૈ, આપહું સીતલ હો...'

કબીર સાહેબે એવી વાણી બોલવાનું કહ્યું છે જેમાં અભિમાનનો છાંટો ન વરતાય; જે બીજાને એટલે કે સાંભળનારને પણ ઠંડક અર્પે અને બોલનારને પણ શાંતા વળે. એથી ઉલટું આપણા સાધક કવિ સુન્દરમ કહે છે: 'કડવાં કારેલાંના ગુણ ન હોય કડવા, કડવાં વચન ન હોય કડવાં જ રે!' રામાયણમાં મૃગનો વેશ લઈ સીતાને લોભાવવા જતાં પહેલાં મામો મારીચ એમના ઘમંડી ભાણેજને બ શુક્ન સંભળાવી દે છે: હે રાજા, સતત મીઠું મીઠું બોલનારા માણસ તો ઘણા મળી રહેશે. અપ્રિય શ્ચ પથ્યશ્ચ વક્તા: શ્રોતા શ્ચ દુર્લભા:॥ કડવું છતાં હિતકારક વેણ તો વાલેશરી જ ઉચ્ચારે. પણ એવું ક્હેનાર પણ મળવું મુશ્કેલ અને સાંભળનારા પણ મળવા મુશ્કેલ.

સમયસર

- કેશુભાઈ દેસાઈ

વાણી મનુષ્યને મળેલું શ્રેષ્ઠ વરદાન છે. કાગડો અળખો કેમ લાગે છે અને કોયલ વહાલી કેમ? પ્રતાપ છે વાણીનો.'એનો જીભલડીએ જવાબ, સાચું સોરઠિયો ભણે!'

આ બધું વાણી પુરાણ આજે જરા જુદા સંદર્ભે સાંભરી આવ્યું છે. ગુજરાતમાં ચૂંટણીનું મહાભારત લડાઈ રહ્યું છે. ભીષ્મ સમાન મોવડી કેશુબાપા એક સમયના એમના અર્જુનને પરાસ્ત કરવા મેદાને પડ્યા છે. વળી, ભાજપની સામે સતત ઝઝૂમતી કોંગ્રેસના કર્ણધારનું નામ પણ યોગાનુયોગ અર્જુન (મોઢવાડિયા) છે. યુદ્ધના

બુદ્ધિમાન માણસ પણ ક્યારેક વાણી વિવેક ચૂકે તો તેવો અનર્થ સરજાય

હાક્લા પડકારા થતાં હોય ત્યારે સ્વાભાવિક છે કે ઉશ્કેરાટમાં ચભડાની જીભ આઘીપાછી થઈ જા. મહાભારતમાં અને રામાયણમાં આવા અપશબ્દોની ભરમાળ જોવા મળે છે. કર્ણ અને દુર્યોધનનું જ નહીં, સજ્જન ગણાતા મોવડીઓ પણ એન્ડ ટાઈમે મિજાજ ગુમાવે છે અને એથી એકમેક પ્રત્યેનો વૈરાગ્નિ ભભૂકી ઊઠે. ઝનૂન ચડે.એ દષ્ટિએ વક્વાણી યોદ્ધાને ઝનૂન ચડાવવા જરૂરી પણ ગણાતી હશે. પરંતુ આપણે તો શિષ્ઠ, સુસંસ્કૃત લોકશાહી રાષ્ટ્રના નાગરિકો છીએ. અમેરિકાની ચૂંટણીમાં મુદ્દા આધારિત આક્ષેપ-પ્રતિ આક્ષેપ થતા રહ્યા. પરંતુ ઓબામાને રોમનીએ વાંદરો ન ક્હ્યો કે ન રોમનીને ઓબામાએ લુચ્ચું શિયાળ ક્હીને નવાજ્યા. બેઉ પક્ષે માહોલ તો જામ્યો જ. કાંટાની ટક્કર લાગતી હતી ત્યાં છેલ્લી ઘડીએ ઓબામાને એના કાર્યક્રમ આધારીત મતદાર સમૂહોએ ભારે બહુમતીથી જીતાડી પણ દીધા. આપણે ત્યાં દરેક ચૂંટણી વખતે નેતાઓની જીભ લપસતી રહી છે. નરેન્દ્ર મોદીએ ક્યારેક સોનિયા ગાંધીને 'ઈટાલિયન કૂતરી' ક્હ્યાં હતા તો સોનિયા ગાંધીએ એમને 'મોતના સોદાગર'ના ઈલકાબથી નવાજ્યા હતા. કેશુબાપા મોદીને 'લપોડ શંખ' ક્હેતા ફરે છે. મોદીના મોં પર સંઘનાં તાળાં ન હોત તો એમણે પણ બાપાને કોઈ જાણીતા પશુ લાથે સરખાવવાની તક ઝડપી લીધી હોત. 'બેગમ અને બાદશાગ' વાળી એમની જોક મતદારો હજી ભૂલ્યા નહીં હોય. હિમાચલ પ્રદેશમાં જઈને એ શશી થરૂર વિશે ભદ્દી કૉમેન્ટ કરી આવ્યા, એથી એમની પાસે આવી શબ્દાવલીનો અખૂટ ભંડાર હોવાની પ્રતિતી થયા વગર રહેતી નથી.'શું તમે ક્યારેય ૫૦ કરોડની ગર્લફ્રેન્ડ જોઈ છે?' એમ ક્હી એમણે શશી પ્રિયા સુનંદા પર જે કટાક્ષબાણ છોડ્યું હતું એ બૂમરેંગ થઈને એમને જ વાગ્યું છે. લોકોને એમની ત્યક્તા પત્ની વિશે નુક્તેચીની કરવાનો લહાવો મળી ગયો! દિગ્વિજયસિંહે તો બારોટનો ચોપડો જ ખોલી નાખ્યો! આવી જ ભદ્દી

આપણે ત્યાં દરેક ચૂંટણી વખતે નેતાઓની જીભ લપસતી રહી છે

કૉમેન્ટ કરનારા કોલસામંત્રી પ્રકાશ જયસ્વાલને સ્ત્રી સમુદાયની માફી માંગવી પડી હતી. 'નવાં લગ્નની મજા જ કંઈ ઑર હોય છે, જૂની થઈ ગયેલી પત્નીમાં એ મજા નથી રહેતી; ક્હેતા ક્હેવાઈ તો ગયું. તાળીઓ પણ પડી. પરંતુ પછી જે માવડીઓ વીફરી છે! સુનંદા થરૂર પણ મોદીને જડબેસલાક જવાબ આપતા થનગની રહ્યાં છે. 'બંદર

અનુસંધાન સાતમા પાને

ગાંધીનગરમાં કાર્યરત હિલવૂડ સ્કૂલના વિદ્યાર્થીઓ દ્વારા પર્યાવરણ સંરક્ષણનો સંદેશ આપવા હેતુ 'એન્ટી ક્રેકર્સ' રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. (તસવીર : દિપક જાની)

આર.ટી.ઓ.એ. એક મહીનામાં રૂ. ૩.૨૧ લાખનો દંડ વસુલ્યો

વિવિધ ગુન્હા હેઠળ ૯૭ વાહનો ડીટેઈન કર્યાં

ગાંધીનગર, તા.૯

આર.ટી.ઓ. દ્વારા વિવિધ ગુન્હા હેઠળ જિલ્લામાંથી ૨૯૭ વાહનો ડીટેઈન કરી રૂ. ૩.૨૧ લાખનો દંડ વસુલવામાં આવ્યો છે. છેલ્લા એક મહિના દરમિયાન જ આર.ટી.ઓ. કક્ષાએથી આ કામગીરી કરવામાં આવી છે.

જિલ્લામાં વિવિધ ગુન્હા હેઠળ આર.ટી.ઓ. કચેરી દ્વારા વાહન ડીટેઈન કરી રેડ વસૂલીની ઝૂંબેશ હાથ ધરવામાં આવે છે તો પાર્કીંગ ઝોન સહિત વાહનના પૂરતા દસ્તાવેજી પુરાવા ન હોય તેવા કિસ્સામાં પણ આર.ટી.ઓ. કચેરી દ્વારા દંડ વસૂલીની પ્રક્રીયા હાથ ધરાય છે. પ્રાપ્ય માહિતી અનુસાર છેલ્લા એક મહિનામાં આર.ટી.ઓ. કચેરી દ્વારા જિલ્લામાંથી ૨૯૭ જેટલા વાહનો ડીટેઈન કરવામાં આવ્યા હતા. વિવિધ ગુન્હા હેઠળ ડીટેઈન કરાયેલા વાહનોમાં ૧૨૮ બાઈક, ૨૪ જીપ, ૧૦૩ રીક્ષા, ૯ મીની ટ્રક, ટ્રેક્ટર-ટ્રેલર-૮ તેમજ અન્ય ૨૨ એમ.એમ.વી.નો સમાવેશ થાય છે. વાહનો ડીટેઈન કરવાની કાર્યવાહીના અંતે આર.ટી.ઓ. કક્ષાએથી એક મહિનામાં રૂ. ૩.૨૧ લાખનો દંડ વસૂલવામાં આવ્યો છે. જયારે કાયદાના નંગ બદલ ડીટેઈન થયેલા વાહનોમાં રીક્ષાની સંખ્યા વિશેષ હોવાનું ધ્યાને આવ્યું છે.

ફટાકડામાં ૫૦૦થી વધુ વેરાયટી બજારમાં ઉપલબ્ધ

ચાઈનીઝ ફટાકડાઓની ધૂમ : ૫ થી ૧૦ ટકાનો ભાવ વધારો : સે. ૭ અને સે. ૨૧માં ફટાકડા બજાર

ગાંધીનગર, તા. ૯

દિવાળીના પર્વને આડે હવે થોડાક જ દિવસો બાકી રહ્યા છે ત્યારે ફટાકડા બજારમાં તેજી આવી છે. સાંજ પડતા જ ફટાકડાના અવાજોથી શહેર ગાજી ઉઠે છે. આ વર્ષે ફટાકડામાં ૫૦૦ થી વધુ જાતની વેરાયટી જોવા મળી રહી છે. સેક્ટર-૭ અને સેક્ટર-૨૧માં શરૂ થયેલા ફટાકડા બજારમાં ખરીદી જામી રહી છે. ફટાકડામાં દર વર્ષે અવનવી વેરાયટી જોવા મળે છે. ચાઈનીઝ ફટાકડાઓના ઢગલે ઢગલા જોવા મળી રહ્યા છે. આ વર્ષે કંપાસના બોક્સ જેવા પેકીંગમાં મીસાઈલો બજારમાં આવ્યા છે. જે ફૂટ્યા બાદ કલર નીકળે છે. બાળકો માટેની વેરાયટી તો અઢળક છે. નવીન પ્રકારની પો પો આઈટમ આવી છે. જે ચાંદલીયાની જેમ ફૂટે છે. પરંતુ જોખમી નથી. ચકરડીમાં પણ ફેન્સી



સીસોટી જેવો અવાજ કરે છે. ૧૦ થી ૫૦ નંગના પેકીંગમાં મળતા આ ફટાકડાઓની કેન્ડલ આકાશ તરફ રાખતા ધડાકો થાય છે. રંગબેરંગી આઈટમોનો ખજાનો જવા મળે છે. સાદી ચકરડીના સ્થાને આવેલી આ ચકરડીને સળગાવો ત્યારે તે ખુબ આકર્ષક લાગે છે. બટર ફ્લાય ફટાકડા પતંગીયાની જેમ ઉડે છે. રંગબેરંગી ફૂવારા અને મીસાઈલ જેવી વેરાયટી બાળકોને ખુબ પસંદ આવે છે. બાળકોને ખુબ પ્રિય એવી ફુલજરમાં ૧૦ થી ૧૫ જેટલી વેરાયટી જોવા મળી રહી છે. છ સે.મી.થી લઈને છ ફૂટ જેટલી ફૂલઝર સળગે એટલે અવનવા રંગો ફેલાવે છે. ૫ રૂ. થી લઈને ૨૦૦ રૂ. સુધીની આ ફેન્સી ફુલઝરની ખરીદી પણ ખુબ થાય છે. ચકરડીમાં સાથીયો, મ્યુઝીક, નવરંગ જેવી વેરાયટી છે તો પેન્શીલ અવનવા રંગોમાં ઉપલબ્ધ છે. એટમબોંબમાં અવનવા પેકીંગ ઉપલબ્ધ છે. એક એટલ બોંબ તો એવો છે કે જેમાંથી ફુટ્યા બાદ કલર ઉડે છે. હવે લોકોને ફટાકડાના અવાજ પસંદ નથી. મોટેથી ફૂટતા ફટાકડાના બદલે રંગબેરંગી રોશનીવાળા ફટાકડા સૌની પસંદ બન્યા છે.

નવાં સેકટરોમાં બાકીદારોને પાણી વેરાની નોટીસ અપાશે

ગાંધીનગર, તા.૯

શહેરના નવા સેકટરમાં પાણી-ગટર વેરાની વસુલાત સંદર્ભે અંદાજિત ૧ હજાર બાકીદારો પાસેથી વેરો વસૂલવા આગામી દિવસોમાં તંત્ર દ્વારા નોટીસ અપાસે. વેરા વસૂલાત ક્ષેત્રે લાખોનું બાકી માંગણું વસુલવા ઝુંબેશ હાથ ધરાશે.

શહેરમાં પાણીની વસૂલાત સંતોષવા પ્રતિવર્ષ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે. જયારે નગરજનોને ફોર્સથી પાણીનો સપ્લાય આપવા પાણી વિતરણ વ્યવસ્થા અપગ્રેડ કરવાની કાર્યયોજના પણ પૂર્ણતાના આરે છે.

આવા સંજોગોમાં શહેરીજનોને પૂરતા ફોર્સથી અને પર્યાપ્ત પાણી આપવાનું વધુ ખર્ચાળ બને તેવી સ્થિતિ છે. બીજી તરફ પાણી ગટરની પાયાની સુવિધાઓ મેળવ્યા બાદ વેરો ભરપાઈ કરવામાં નાગરિકો નિરસતા દાખવતા હોવાનો મામલો પણ ગંભીર બન્યો છે. વેરા વસૂલાત ક્ષેત્રે લાખોનું માંગણું બાકી હોવાનું ચિત્ર ઉપસી આવ્યું છે. જેને અનુલક્ષી શહેરના જૂના સેકટરોમાં અગાઉ તંત્ર કક્ષાએથી

અનુસંધાન સાતમા પાને

ગાંધીનગરમાં ડેન્ગ્યુના વધતા કેસોના પગલે જનજાગૃતિ માટે આજે સેમિનાર

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર શહેરમાં વધતા જતા ડેન્ગ્યુના કેસોને પગલે જનજાગૃતિ અભિયાનના ભાગરૂપે આજે નર્સિંગ કોલેજ ખાતે એક સેમિનારનું આયોજન મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવ્યું છે. મહાનગરપાલિકાના મેડીકલ ઓફિસર ડૉ. દિનેશ બારોટના જણાવ્યાનુસાર આ સેમિનારમાં રિસર્ચ ઓફિસર ડૉ. શાહુ તથા સ્ટેટ એમ્ટોનોલોજીસ્ટ ડૉ. કુરિયન હાજર રહી વિશેષ માર્ગદર્શન આપશે.

સવારે ૧૦ વાગે શરૂ થનાર આ સેમિનારનો મ્યુનિ. કમિશનરશ્રી પાડલિયા આરંભ કરાવશે. આ સેમિનારમાં શહેરની સ્વૈચ્છીક સંસ્થાઓ, તબીબી અધિકારીઓ, આરોગ્યકર્મીઓ મોટી સંખ્યામાં હાજર રહેશે. છેલ્લા પંદર દિવસથી ગાંધીનગરમાં ડેન્ગ્યુના રોગે ભારે માથુ ઉંચક્યુ છે. જે ઉલ્લેખનીય છે.

રીક્ષા ગેંગે આચરેલો વધુ એક ગુનાનો ભેદ ઉકેલાયો

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર એલ.સી.બી. પોલીસે ગઈકાલે ઝડપી પાડેલી રીક્ષાગેંગ દ્વારા આચરવામાં આવેલા ગુનાઓ પૈકી આજે વધુ એક ગુનાનો ભેદ ઉકેલાયો છે. વર્તમાનપત્રમાં સમાચાર વાંચીને કોલવડા ગામના આ ગેંગનો ભોગ બનેલા નિવૃત્ત આચાર્ય પોલીસને મળ્યા હતા. નિવૃત્ત આચાર્યને ઘ-૬ થી ગ-૬ સુધી બેસાડીને રૂ. ૪ હજાર સરકાવી લીધા હોવાની આજે ફરીયાદ નોંધાવા પામી છે. ગેંગની પુછપરછ દરમ્યાન વધુ કેટલાક ગુનાઓના ભેદ ઉકેલાય તેવી શક્યતા પોલીસ વ્યક્ત કરી રહી છે.

મુસાફર અને ડ્રાઈવરના સ્વાંગમાં રીક્ષા લઈને ફરતા અને એકલ-દોકલ મુસાફરોને ટાર્ગેટ બનાવીને ઓછા ભાડાની લાલચ આપી રીક્ષામાં બેસાડી દીધા બાદ નજર ચુકવીને મુસાફરના થેલામાંથી કિંમતી ચિજવસ્તુ કે રોકડ રૂપિયા સરકારી લેતી ગેંગના ચાર સાગરિતોને ગાંધીનગર એલ.સી.બી. પોલીસે ઝડપી લીધા હતા. તેમની ધરપકડ કરીને પુછપરછ કરતાં અમદાવાદ-ગાંધીનગરમાં ૧૦ ગુનાઓ આચર્યા હોવાની કબુલાત કરી લીધી હતી. આ સમાચાર વર્તમાનપત્રમાં વાંચીને આજે સવારે કોલવડા ગામે રહેતા નિવૃત્ત આચાર્ય મોહનભાઈ ગમાભાઈ પરમાર પોલીસ સ્ટેશન આવી પહોંચ્યા હતા અને ૧લી તારીખે તેઓ પણ આ ગેંગનો ભોગ બન્યા હોવાનું પોલીસને જણાવ્યું હતું. ઘ-૬ સર્કલ પાસેથી મોહનભાઈને રીક્ષામાં બેસાડ્યા બાદ ગ-૬ આવ્યુ ત્યાં સુધીમાં રીક્ષાગેંગે કરામત કરી લીધી હતી. અને ગ-૬ પાસે રીક્ષા ઉભી કરી દઈને અર્જન્ટ કામ આવી ગયુ હોવાનું બહાનુ નિકાળી મુસાફર નિવૃત્ત આચાર્યને ગ-૬ ઉતારી મુકીને ગેંગ રીક્ષા લઈને રફુચક્કર થઈ ગઈ હતી. આ અંગે પોલીસે ગુનો દાખલ કરી તે અંગે પણ ગેંગ સાથે પુછપરછ કરી છે.

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૯૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com